GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

# નિંબાર્ક સાહિત્યમાં રાષ્ટ્રિય દર્શન

**ત્રિવેદી ભરતકુમાર હરિપ્રસાદ**

પી. એચડી સ્કોલર

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીગોધરા ,

**શોધપત્ર ઉદ્દેશ:**

કોઈપણ સાહિત્ય હોય તે માં રાષ્ટ્ર કલ્યાણ નો ભાવ રહેલો છે,તે ભાવને લોકભોગ્ય બનાવવાનો અને તેમાં દર્શાવેલ કળા, સંસ્કૃતિ, લેખીત કૃતિઓ, પદ્ય કે કંઈ પણ ;તેના દ્વારા એક તંદુરસ્ત માનવ સમાજ નું સર્જન થાય;તેને જ આપણે કોઈ જ્ઞાતિ,કોમ, સમાજ,અને અંતે તે સંસ્કૃતિ તરીકે ઓળખાય છે.તો એક સુદ્રઢ રાષ્ટ્ર નાં નિર્માણ માટે એક એક વ્યક્તિ મળી ને જ્યારે પોત પોતાની વ્યક્તિગત જવાબદારી સાથે પોતાનાં કુટુંબ નું, કુટુંબ થી સમાજ નું, અને સમાજ થી સંસ્કૃતિ નું અને આખરે સંસ્કૃતિ થી રાષ્ટ્ર નું નિર્માણ થતું હોય છે.આ આખી પ્રક્રિયા માં ક્યાંક ને ક્યાંક પારંપરિક રીતે વેદો,બ્રાહ્મણ ગ્રંથો ,આરણ્યક, સંહિતાઓ, ઉપનિષદો,પુરાણ ગ્રંથો અને અન્ય સાહિત્ય નો સિંહ ફાળો રહેલો છે. ઉપરોક્ત સાહિત્ય ને સમજવા માટે સંપ્રદાય અને તેના ધર્મ ગુરુઓ નો પણ વખતો વખત આવિર્ભાવ તે સહજ છે. જેમા...

**सुदर्शन महाबाहो कोटीसूर्यसमप्रभ।**

**अज्ञानतिमिरान्धानां विष्णोमर्गं प्रदर्शय॥**

**(ब्रह्मसूत्र,वेदान्तकौस्तभम् भूमिका, पृष्ट2)**

અર્થાત્ ભગવન્ શ્રી કૃષ્ણ નાં સુદર્શન ચક્ર અવતાર ભગવાન નિમ્બાર્કાચાર્ય વૈષ્ણવમાર્ગ(ધર્મના) પ્રચાર,પ્રસાર અર્થે સ્વયમ પ્રગટ્યા. અને તેમના થકી આખે આખા "શ્રી નિમ્બાર્કસંપ્રદાય"ની સ્થાપના કરી અને તેમના દ્વારા "નિમ્બાર્ક– સાહિત્ય" ની રચના કરવામાં આવી; જે નાં થકી આજ નાં વિષયશિર્ષક "સાહિત્યમાં રાષ્ટ્રદર્શન" "નિમ્બાર્કાચાર્યનાં સાહિત્ય સર્જનમાં રાષ્ટ્રીય દર્શન" તે અંતર્ગત શોધપત્ર રજૂ કરી રહ્યો છું.

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

**વિષય પ્રવેશ= નિમ્બાર્કાચાર્ય નો ટુંકમાં પરિચય**

આયુધપ્રવર ચક્રરાજ સુદર્શન ચક્ર તેજો રાશિ નાં રુપ માં ભુતળ પર અવતીર્ણ થયું ત્યારે પૃથ્વી પર મંગળ મઈ પ્રકાશ ફેલાઇ ગયો, દક્ષિણ ભારત નાં ગોદાવરી ટત પર વૈદૂર્યપત્તન સ્થાન પર મહર્ષિ અરુણ તેમની પત્ની જયંતિ ની સાથે ઉત્તમ સંતાન માટે તપશ્ચર્યા કરતા હતા,તેમના જ પુત્ર રૂપે આયુધરાજ સુદર્શન અવતર્યા. બધા ગુણો સારા જણાતા મહર્ષિ એ તેમનું નામ નિયમાનંદ પડ્યું. આ સંપ્રદાય ની માન્યતા અનુસાર દ્વાપર નાં અંતમાં યુધિષ્ઠિર સંવત ૬ નાં કાર્તિક શુક્લ પૂર્ણિમા ની સંધ્યા સમયે જન્મ થયો.ભવિષ્ય પુરાણમાં શ્રી વેદવ્યાસે નિર્દેશ કર્યો છે કે,

सुदर्शनो द्वापरन्ते कृष्णा ज्ञाप्तो जनिष्यती।
निम्बादित्य इति ख्यातो धर्मग्लनिं हरिष्यति।।

આ શ્લોક જ સુદર્શન ચક્ર નાં અવતારની પુષ્ટિ કરે છે. નિયમાનંદ ને દેવર્ષિ નારદજી દ્વારા શ્રી ગોપાલ અસ્ટાદશાક્ષરી મંત્ર નો ઉપદેશ અને સનકાદિકસેવિત ભગવાન શાલિગ્રામ નાં શ્રી વિગ્રહ પણ પ્રાપ્ત થયેલા છે. એકવાર યતિ વેશધારી બ્રમ્હાજી ને નિયમાનંદે નિમવૃક્ષ પર સૂર્યદર્શન કરવી ને ભોજન કરાવ્યું હતું,ત્યારથી બ્રહ્માજી એ તેમનું નામ નિમ્બાર્કાચાર્ય પડ્યું હતું.

આચાર્યજી પરમ વૈષ્ણવ અસાધરાણ વિદ્વાન દાર્શનિક હતા. તેમણે દ્વૈતા દ્વૈત(ભેદાભેદ) સિદ્ધાંત નું પ્રતિપાદન કરીને સ્પષ્ટ કર્યુ કે માયાના ગુણ દોશ ઈશ્વર ને પ્રભાવિત કર્તા નથી. એટલા માટે તે જિવ અને જગત થી ભિન્ન છે.વેદાન્ત દર્શન હોઇ કે અન્ય કોઈ પણ દર્શન હોય, તેને પ્રાપ્ત કરવા દાર્શનિક ચિંતન માટે ઉત્તમ બુદ્ધિ હોવી જરુરી છે. માટે તત્ત્વજ્ઞાન માટે ઉત્તમ બુદ્ધિ હોવી પ્રથમ આવશ્યક છે.એવું આચાર્યજી ના દાર્શનિક લક્ષણો થી સહજ સિદ્ધ થતું જણાઈ આવે છે.

**નિમ્બાર્ક સાહિત્યનો ટૂંકો પરિચય.**

નિમ્બાર્કાચાર્ય દર્શન શાસ્ત્ર નાં પરમ આચાર્ય ગણાય છે,દર્શન એટલે જે નાં દ્વારા વાસ્તવિક તત્ત્વ નું જ્ઞાન થાય ,તેને દર્શન કેહવામા આવે છે. આચાર્યજી એ આવા દાર્શનિક સાહિત્ય ને સરળ બનાવી ને સાહિત્ય સર્જનમાં પોતાનું આગવું પદાર્પણ કર્યું છે. શ્રી નિમ્બાર્કાચાર્યે પોતાના સંપ્રદાયને ઉપયોગી નીવડે એવા વેદાન્ત વિષયો ના સરળ ઉત્તર આપતો અને ઉપાસકો ને સાચી દિશા પ્રદાન કરે તેવા ગ્રંથો ઉપરાંત

ભગવન્ શ્રી રાધાકૃષ્ણ ની ઉપાસના અર્થે સરળ ગ્રંથો ની પણ રચના કરી અને આખું નિમ્બાર્કા સાહિત્ય ની સ્થાપના કરી છે.

1. **वेदान्त पारिजात सौरभं** – જે બ્રહ્મસૂત્ર ભાષ્ય છે
2. **वेदान्तकामधेनुदशश्लोकी** – જે ચિત અચિત બ્રહ્મ સ્વરૂપ ઉપાસના અવેમ બ્રમ્હાત્મક સંસાર
3. ભગવત્ શરણાગતિ, પરાભક્તિ, અપરાભક્તી નાં પાંચ પ્રકાર ના અર્થો નું પ્રતિપાદન કરતો ગ્રંથ.
4. **प्रपन्न कल्पवल्ली**। – શ્રીમદ્ મુકુંદનિશરણાગતિ  નાં મંત્રાર્થ  રૂપત્મક ગ્રંથ.
5. **मन्त्ररहस्य षोडशी**।– શ્રી કૃષ્ણના અઢારઅક્ષરો વાળા મંત્રારજ નું વ્યાખ્યાન.
6. **प्रतः स्तवः**। શ્રી રાધાકૃષ્ણ ની ભક્તિ પરાક ગ્રંથ.

આ ઉપરાંત આચાર્યજી ના ચિંતામણી,સદાચારપ્રકાશ, તથા શ્રીમદ્ભગવદ્ગીતા વગેરે જેવા અનેક ગ્રંથો હતા,પરંતુ તેમના સમય ને  ૫૦૯૪ વર્ષકાળ થયા હોવાથી તે ઉપલબ્ધ નથી.જે ઘણા દુર્ભાગ્ય ની વાત ગણીશકાય તેમ છે.

“**वेदान्त  पारिजात सौरभं** ગ્રંથ માં વર્ણિત રાષ્ટ્રિય દર્શન”

**अथतो ब्रह्मजिज्ञासा** (હવે,આ હેતુથી બ્રહ્મ ની જિજ્ઞાસા)

પ્રસ્તુત બ્રહ્મસૂત્ર૧-૧-૧  એ સૂત્ર પરના વક્યાર્થને વિચારતાં પેહલા, બ્રહ્મસૂત્ર પરના અન્ય ભાષ્યકરો સૂત્રનાં **अथ**, **अतः**, અને **ब्रह्मजिज्ञासा** એ પદોના પદશ: જુદા જુદ અર્થો આપે છે,તેમ નિમ્બાર્ક આપતા  નથી. અહીં **अथ** શબ્દ નો અર્થ નિમ્બાર્ક સમજાવે છે કે – શિક્ષાદિ છ અંગોસહિત  સ્વરસખાના વેદનું (સાધકે) અધ્યયન કર્યા પછી કર્મનાં ફળો નિત્ય છે કે અનિત્ય છે[1]  એવા સંશયને દૂર્કરવા પૂર્વમિમંસાનું અધ્યયન કરવું જોઈએ;અને પૂર્વમિમાંસાના અધ્યયનથી નિશ્ચય થાય કે કર્મ ના ફળો અનિત્ય અને શ્રેષ્ઠ નથી અને બ્રહ્મજ્ઞાન નાં ફળ નિત્ય અને સર્વશ્રેષ્ઠ છે. એવો નિશ્ચય થવાથી કર્મોના ફળોમાં વૈરાગ્ય થાય.

આમ, આચાર્ય વેદાન્ત ની વાત દ્વારા પોતાના સાંપ્રદાયિક ભક્તો ને કર્મ ફળ નો ઉપદેશ કરે છે, અને સ્પષ્ટ જણાવે છે કે કર્મ નાં ફાળો અનિત્ય છે; જો આપ બ્રહ્મજ્ઞાન ને પ્રાપ્ત કર્યુ હસે  તો ઉપાસક કર્મ

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

સારજ કરશે અને શ્રેષ્ઠ કર્મો થકી એક શ્રેષ્ઠ કુટુંબ અને કુટુંબ થી સમાજ અને સમાજ થી ધીરે ધીરે રાષ્ટ્ર નું નિર્માણ થશે તેમ તેમનો નિર્દેશ ગણી સકાશે.

**"वेदान्तकामधेनुदशश्लोकी" માં વર્ણીત રાષ્ટ્રિય દર્શન**

શ્રી આચાર્ય જી આ કામધેનુ માં યુગલ સ્વરૂપ નાં ઉપાસ્ય રૂપ નું સ્મરણ અને ધ્યાન કરી પર પ્રેમ તત્ત્વનાં રહસ્ય નું ઉદ્ઘાટન કરે છે,એમ જાણવા મળે છે.તો પ્રશ્ન એ થશે કે આમાં વળી ક્યાં રાષ્ટ્ર ભાવના આવે? તો પ્રશ્ન સહજ છે.પરંતુ આ પરમ પ્રેમ રસ તે રાષ્ટ્ર ને અનુલક્ષી ને કરવાથી રાષ્ટ્ર ભાવના વધુ દ્રઢ બનશે, દશ શ્લોકી મા ઉપાસ્ય તત્ત્વ વિશે વાત કરતાં આચાર્ય જી દશ શ્લોક રચે છે. ઉપાસ્ય તત્ત્વ તે પોતાના ઇષ્ટદેવ,ગુરુ, અથવા જન્મભૂમિ ને પણ શુદ્ધ પ્રેમ કરવા પ્રેરણા દાયી નિર્દેશ કરે છે. જે દશ શ્લોકીના બીજા

શ્લોક મુજબ ;

**स्वभावतोऽ पास्त समस्तदोषमशेष कल्याण गुणैक राशिम्।।**

**(दशश्लोकी२)**

આચાર્યજી ના મત અનુસાર જે નાં સ્વભાવ થી દોષો નો લેશ નથી થતો જે બધા કલ્યાણ પ્રદ ગુણો ની ખાણ છે અર્થાત્ જે નાં માં કોઈ દોષ નથી તેવા શુદ્ધબુદ્ધ પુરુષો રાષ્ટ્ર ને અને રાષ્ટ્રિય મૂલ્યો તથા રાષ્ટ્ર નાં નાગરિક મૂલ્યો ને પણ એટલા જ વફાદાર રહે;આજ વાત શ્રીમદ્ ભગવત્ માં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે,કે

**જનની જન્મ ભૂમિશ્ચ સ્વર્ગાદ્ આપી ગરિયાસી.**

આમ આચાર્ય શ્રીનાં પરમ વેદાંત સાહિત્ય માથી ખૂબ ઉંડો અભ્યાસ કરતા તત્ત્વ વેદાંત નાં માધ્યમ થી

વ્યક્તિ નિર્માણ વ્યક્તિ નિર્માણ થી સમાજ અને સમાજ નિર્માણ થી એક તંદુરસ્ત રાષ્ટ્ર નિર્માણ ની ભાવના ઉજાગર કરી શકાય.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

## સંદર્ભ ગ્રંથો

૧)   " શ્રી નિમ્બાર્કાચાર્ય વિરચિત વેદાન્ત પારિજાત સૌરભ"

બ્રહ્મ સૂત્ર – પ્રથમ સમન્વય અધ્યાય

ભાગ– ૧

૨)   શ્રીમદ્ ભાગવતે નિમ્બાર્કવેદાન્તસ્ય સમણ્યાય:

સ્વામી દ્વારકાદાસ કાઠીયાબાબા.

૩)   શ્રી નિમ્બાર્કાચાર્ય ઔર ઉનકા સંપ્રદાય( શોધપૂર્ણ ધાર્મિક માસિક પાત્ર)

શ્રી ધમ વૃંદાવન.

પ્રકાશક અધિકારી: અખિલ ભારતીય શ્રી નિમ્બાર્કાચાર્ય પીઠ

સંપાદક

વ્રજવલ્લભ શરણ વેદાંતાચાર્ય .